
## વડીલોને વંદન અભિનંદન



લાલજી સુરસિંહ રાજપૂત
(૧૯૪૨)મો.૯૪૨૮૫૯૭૨૨૦



હંસાબેન આર. મહેતા
(૧૯૫૯)



સુચિત્રા અનિલ પટેલ
(૧૯૬૬)
ફોન: ૨૩૨ ૨૦૧૦૮

# ભાજપના ૬૭ ઉમેદવારોની યાદી જાહેર

## ગુજરાતમાંથી ૧૦ વર્તમાન સાંસદોને ટિકિટ : અમદાવાદ પૂર્વ, સાબરકાંઠા, પંચમહાલ, જૂનાગઢ અને ખેડાના ઉમેદવારોના નામ હજુ સુધી જાહેર કરાયા નથી

નવીદિલ્હી, તા.૧૯

ભાજપે આજે ૬૭ ઉમેદવારોની તેની પાંચમી યાદી જાહેર કરી હતી જેમાં ગુજરાતના ૨૧, ઉત્તરપ્રદેશના ૧૫, રાજસ્થાનના ૨૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. ભાજપ પાર્લામેન્ટ બોર્ડની બેઠક દિલ્હીમાં યોજાઈ હતી જેમાં વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ અડવાણીને ગાંધીનગરમાંથી મેદાનમાં ઉતારવાની જાહેરાત કરાઈ હતી. ભાજપે આ વખતે મોટાભાગે વર્તમાન સાંસદોને પણ ચાલુ રાખ્યા છે અને તેમને કોઈપણ પ્રકારની નારાજગી ન થાય તેવા પ્રયાસ કરાયા છે. આજે જે ૨૧ ઉમેદવારોના નામ જાહેર કરાયા છે તેમાં ૧૦ વર્તમાન સાંસદોનો સમાવેશ થાય છે જ્યારે કેટલાક ધારાસભ્યોને પણ તક આપવામાં આવી છે. હવે પાંચ બેઠકોના ઉમેદવાર જાહેર કરવાના બાકી રહ્યા છે જેમાં અમદાવાદ પૂર્વ, સાબરકાંઠા, પંચમહાલ, જુનાગઢ અને ખેડાનો સમાવેશ થાય છે. ભાજપે ઉમેદવારોની યાદી જાહેર કરતી વેળા ઘણી બધી બાબતોને ધ્યાનમાં લીધી હતી. રાજ્યવર્ધનસિંહને જયપુરમાંથી ટિકિટ આપવામાં આવી છે. બીજી બાજુ વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રી હેમામાલિની મથુરામાંથી ચૂંટણી મેદાનમાં ઉતરશે. ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતનાર શૂટર રાજ્યવર્ધનસિંહ જયપુર ગ્રામીણમાંથી ચૂંટણી લડશે. રાજ્યવર્ધનસિંહ સીપી જોશી સામે લડશે. કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થયેલા જગદમ્બિકા પાલને ઉત્તરપ્રદેશમાં ડુમરિયાગંજમાંથી ટિકિટ આપવામાં આવી છે.

## અડવાણીની જાહેરાતને ગાંધીનગર આવકારે છે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે ગાંધીનગરના સાંસદ અડવાણીને પુનઃ છઠ્ઠી વખત ગાંધીનગરથી લડવા માટે નિર્ણયને આવકારે છે. લાલકૃષ્ણ અડવાણી છેલ્લી પાંચ ટર્મથી ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરે છે. અને રાષ્ટ્રીય સ્તરે ગાંધીનગરને ગાજતુ રાખે છે. એ પાટનગર માટે ગૌરવની બાબત છે.



માલધારી સમાજ દ્વારા બનાસકાંઠામાં કોંગ્રેસની બેઠકને લઈને ચર્ચા વિચારણા થઈ હતી.

### અડવાણીને મનાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરેલા આગ્રહને લઈ શ્રી અડવાણી ભોપાલથી ચૂંટણી લડવા ઈચ્છતા હતા.

આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, શ્રી મુરલી મનોહર જોશી, શ્રી રાજનાથસિંહ વગેરેએ શ્રી અડવાણીને ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવા માટે મનાવવાના ભરપૂર પ્રયાસો કર્યા હતા. જો કે શ્રી અડવાણીને તેમનો પરાજય થાય તેવી રાજનીતિની ગંધ આવતાં તેમણે ગાંધીનગરને બદલે ભોપાલથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

આજે આખો દિવસ ભાજપના ઉમેદવારની પસંદગી અને ગાંધીનગરની ઉમેદવાર કોણ તેને લઈ રાજકીય અટકળોનો દોર સતત ચાલ્યો હતો.

મોડી રાત્રે શ્રી અડવાણી ગાંધીનગરથી જ ચૂંટણી લડે તેવો આદેશ પક્ષના વરિષ્ઠોએ કર્યો છે. શ્રી અડવાણીની પસંદગી હવે ગાંધીનગરની બેઠક પરથી કરવામાં આવી છે. તેની વિધિવત ઘોષણા પણ કરી દેવામાં આવી છે.

### આચારસંહિતા ભંગની ફરિયાદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૈકી એક ફરિયાદનો નિકાલ થઈ ગયો છે જ્યારે કચ્છ-રાજકોટની એક એક અને મહેસાણાની બે મળી કુલ ચાર કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદોમાં રાજકીય પક્ષવાર વિગતો આપતાં મુખ્ય નિર્વાચન અધિકારીએ કહ્યું કે ભારતીય જનતા પક્ષ દ્વારા ત્રણ ફરિયાદો મળી છે. જૈ પૈકી એક ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો છે. બે ફરિયાદો ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હીને મોકલી આપવામાં આવી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી પંદર ફરિયાદો મળી છે. જે પૈકી આઠ ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે અને સાત ફરિયાદો નિર્ણયની પ્રક્રિયામાં છે જ્યારે અન્ય રાજકીય પક્ષો દ્વારા એક ફરિયાદ પ્રાપ્ત થઈ છે તે નિકાલની પ્રક્રિયામાં છે. અન્ય જનરલ ૩૮ ફરિયાદો મળી છે. જે પૈકી ૨૬ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. ૧૪ ફરિયાદો નિકાલ કરવાની નિર્ણયની પ્રક્રિયામાં છે જે પૈકી એક ફરિયાદ પંચને નિર્ણય અર્થે મોકલાઈ છે.

## શબ્દાવલી - ૫૩૪૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | ■ | ૫ |
| ૬ | | | | ■ | ■ | ૭ | |
| ૮ | | ■ | ૯ | | | | |
| ■ | ૧૦ | | | ■ | ■ | | ■ |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | ■ | ૧૩ | ૧૪ |
| | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | | ■ | ■ | |
| ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. લટકાળી ચાલ (૬)
૬. થપ્પડ, ઝાપટ (૪)
૭. ઉપર (૨)
૮. નાળુ (હિન્દીમાં) (૨)
૯. બલિદાન, કુરબાની (૫)
૧૦. ફોડવાનો દારૂ (૩)
૧૧. જજ, નિર્ણય કરનાર (૨)
૧૩. ગપ્પુ (૨)
૧૫. ખરાબ અંજામ (૩)
૧૬. એક મસાલાનું લાકડું (૨)
૧૮. તરબોળ (૫)
૨૦. રૂઆબ, વટ (૨)
૨૧. તલ્લીન (૨)
૨૨. પતિ, માલિક (૨)

### ઊભી ચાવી

૧. સુંદર સ્ત્રી, કામિની (૩)
૨. સામસામી ટપલાની મારામારી (૫)
૩. એક જાતની ડાંગર, ચોખા (૨)
૪. આશય, ઇરાદો, ઉદ્દેશ (૪)
૫. લાદી, તક્તી (૩)
૭. મહેમાન ગતિ (૫)
૧૧. નાગ, ફણીધર (૪)
૧૨. દાવ (૩)
૧૪. હેરાન કરવું તે (૪)
૧૫. ભગવાન (૨)
૧૬. કાતરવાનું કાપવાનું ઓજાર (૩)
૧૯. નકામુ, રદ્દી (૨)

### શબ્દાવલી ૫૩૪૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભયભીત (૩) આખેટ (૫) ઝોલી (૬) વારી (૮) સુમશાન (૧૦) રજકણ (૧૨) નજારો (૧૩) વર (૧૪) કયા (૧૫) નવુસવું (૧૬) પાતક (૧૮) ગમ (૧૯) લીક (૨૦) નજરકેદ

**ઊભી ચાવી :-** (૧) ભલીવાર (૨) ભીસ્તી (૩) આલીશાન (૪) ટકો (૫) ઝોમ (૭) રીજવવું (૮) સુણ (૯) નજાકત (૧૧) કરસન (૧૫) નવેલી (૧૬) પામર (૧૭) કમોદ (૧૮) ગજ

# ચૂંટણી લીગલ સેલ-લીગલ સેલની મહત્વની બેઠક યોજાઈ

અમદાવાદ, તા.૧૯

ભાજપ પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ્ કોબા ખાતે આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી લીગલ સેલ અને લીગલ સેલની એક સંયુક્ત બેઠક ચૂંટણી અભિયાન સમિતિના અધ્યક્ષ પરશોત્તમ રૂપાલા અને લોકસભા ચૂંટણી આચારસંહિતા બાબતોના નિષ્ણાંત દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

રાજ્યની ૨૬ લોકસભા બેઠકના જવાબદાર કાર્યકર્તાઓ, જીલ્લા / મહાનગર ચૂંટણી લીગલ સેલ અને લીગલ સેલના કન્વીનર-સહકન્વીનરની આ બેઠકને પ્રદેશ ચૂંટણી લીગલ સેલના કન્વીનર પરીન્દુભાઈ ભગતે ચૂંટણી પંચ દ્વારા કરાયેલા નવા સુધારા તથા ઉમેદવારે રજુ કરવાની વિગતો જેવી કે, ઉમેદવારી પત્ર સાથેની એફીડેવીટ, ખર્ચની જોગવાઈ, ચૂંટણી ખર્ચની વિગતો બાબતે સભ્યોને માહિતગાર કર્યા હતા. આચાર સંહિતા સમિતીના સદસ્ય પ્રફુલ બારોટે આચાર સંહિતા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. લીગલ સેલના કન્વીનર જેજે પટેલે ચૂંટણી દરમ્યાન આચારસંહિતા ભંગના કિસ્સા બાબતે કરવાની થતી કાર્યવાહીથી માહિતગાર કર્યા હતા.

### ચકલી દુર્લભ બનતી જાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘરઆંગણાનું અતિસામાન્ય પક્ષી ગણાતું ચકલી આજે દર્શનદુર્લભ બની ગયું છે, જે પંખીડા ઘરઆંગણાની શોભા ગણતાં અને જેના ચહમહાટથી પરોઢીયે કલરવ અને સંધ્યાકાળે કેકારવ સાંભળવા મળતો તે હવે મોબાઈલના રીંગટોનમાં સાંભળવા મળે છે. શાળાએ જતા બાળકોના -ોજેક્ટ બનાવવા માટે પંખીઓના ફોટા ઈન્ટરનેટમાંથી ડાઉનલોડ કરી, -િન્ટ કાઢી, ગુંદરથી ચોંટાડી -ોજેક્ટ વર્ક પૂરું કરી દેવાય છે. `ચકીબેન, ચકીબેન મારે ઘેર રમવા આવશો કે નહીં ? ના મધુરા બાળગીતો હવે ગમે તેટલાં ગાઈએ તો પણ ચકીબેનને આપણે જ દેશવટો દીધો છે, એટલે તોઁ વિશ્વ ચકલી દિન ઉજવવાની જરૂર પડી ! સમય વહેતો જાય છે અને સાથે સાથે માણસનો કુદરત સાથેનો સંબંધ પણ બુઠ્ઠો થતો જાય છે, આંગણામાં ડાડ કરતા નભચરોને નિરખવાને બદલે રેકડીમાં મળતા પ્લાસ્ટિકના પંખીડા ઘરમાં અથવા કારમાં ટાંગીને તેને જોવાનું માણસને વધુ સદી ગયું છે પરંતુ માણસ એ વાત ભૂલી જાય છે કે માણસને પંખીઓની જરૂર છે, પંખીઓને માણસની જરાય જરૂર નથી. ઉલ્ટાનું માનવ તો આ નિર્દોષ સજીવ સૃષ્ટિ માટે નખોદિયો સાબિત થયો છે. આપણી આસપાસની આપણને કનડતી કીટકસૃષ્ટિનો આહાર કરીને આપણને તે ઉગારે છે, માણસને તો વૃક્ષ વાવવાનો ટાઈમ નથી પણ પક્ષી તેની ચરક દ્વારા ઠેરઠેર વૃક્ષારોપણ (અને તે પણ કોઈ જાતની ફોટોગ્રાફી કે -ેસનોટ આપ્યા વગર... !!) કરતું રહે છે.

આપણે ઘરની આસપાસ ચકલીના માળા બનાવવાની જગ્યાનો પણ નિકાલ કરી નાખ્યો છે. સિમેન્ટ ક્રોંક્રીટના શહેરી જંગલમાં ચકલી માટે ખોરાક દુર્લભ છે. જીવદયાને નામે પક્ષીઓને (વાંચો કબૂતરને) જુવાર અને ઘઉંની ચણ નખાય છે. જે ચકલી માટે નથી. ચકલીઓ માટે બાજરી જેવા ઝીણાં ધાન્યો નખાતા નથી, આપણાં સૌ માટે હવે પક્ષીઓ માટે ચણ એટલે કબૂતરને જુવાર અથવા ઘઉંના મૂંઠા ભરીને ફેંકવું એવું સમીકરણ ફીટ થઈ ગયું છે. પરંતુ ચકલી માટે ઝીણાં ધાન્યો આંગણામાં અથવા ચબૂતરા કે કોઈ જગ્યાએ આપણે નથી નાખતાં અથવા તો ખૂબ ઓછા નાખીએ છીએ. અધૂરામાં પૂરું પોતાનેઁ મોડર્ન ગણાવતાં લોકો ચકલીના માળાને ન્યુસન્સ ગણી તેને દૂર કરે છે. (એક સમયે ઘરના દીવાન ખંડમાં છબીઓની પાછળ માળો બનાવતી ચકલીની સુરક્ષા ન જોખમાય તે માટે પંખો ન ચલાવતાં લોકો પણ હતા અને આજે પણ હશે !) ઘરની આસપાસ ઉગી નીકળેલી ઝાડી ઝાંખરાનેઁ આ અઘોચર ન જોઈએ....ઁ એમ કહી સળગાવી મૂકે છે, એ બુધ્ધિના બ્રહ્મચારીઓને એ ખબર નથી કે આ ઝાડી ઝાંખરા અનેક સજીવોનું આશ્રયસ્થાન છે, જેમ તે બુધ્ધિના બ્રહ્મચારીને જીવવાનો હક છે તેમ એ અબોલ જીવોને પણ જીવવાનો હક છે તેટલી સંવેદના એના સુકકાભઠ્ઠ હ્રદયમાં નથી, એને આસપાસની જગ્યા બાળીનેઁ ચોખ્ખી કરવામાં જ રસ હોય છે. -કૃત્તિનું નખ્ખોદ વાળવાનો, ગ્લોબલ વોર્મિંગ વધારવાનો ઈજારો કઈ ધુમાડા ઓકતી ચિમનીઓનો જ નથી. આપણા ઘરની આસપાસ રહેતા આવા દહનશૂરાઓ પણ એટલાં જ જવાબદાર છે.

ચકચક કરતી ચિડિયા માટે ઉપર જણાવ્યા કારણોની માથે સૌથી મોટો ભય 'Unleaded Petrol નો છે. કેમ કે તેના -દૂષણે ચકલીના હોર્મોન્સની જૈવરાસાયણિક -ક્રિયાને કદાચ રૂંધી નાખી છે, આ પેટ્રોલ સીસારહિત છે એટલા પૂરતું સારૂં પણ તેમાં **Methyl tertiary butyl ether** (મિથાઈલ ટેટરી બ્યુટાઈલ ઈથર) ભેળવેલું હોય છે, જેનું કારમાં કે બાઈકમાં પેટ્રોલ સાથે દહન થતું નથી. ૧૯૯૦ પછી આવું પેટ્રોલ વ્યાપક રીતે વપરાય છે અને ચકલીનો વસ્તીઆંક પણ એ જ અરસામાં ઘટવો શરૂ થયો છે. દિલ્હીએ ચકલીનું મહત્વ પિછાણીને દિલ્હી રાજયના રાજયપક્ષી **(State Bird)** તરીકે તેને ગૌરવ બક્ષ્યું છે. (ગુજરાતનું રાજય પક્ષી સુરખાબ છે, જે જાણ ખાતર... !) પરંતુ ચકલીને બચાવવા માટે તેનું ગૌરવ આપવાની સાથે સાથે તેના આહાર, આશ્રય બાબતે પણ ચિંતા કરવી પડશે. ગુજરાતના વિવિધ ભાગોમાં તેના માટે સ્વયંસેવી સંસ્થાઓએ -યત્નો કર્યા છે તે આવકારદાયક છે. આજનાઁ વિશ્વ ચકલી દિન નિમિત્તે ચકલીઓને, પક્ષી સૃષ્ટિને બચાવવાનો સંકલ્પ લઈએ.

### 'ચાય પે ચર્ચા'

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

ત્રીજા ચરણમાં યોજાનારા આ 'ચાય પે ચર્ચા' કાર્યક્રમ અગાઉ તા. ૧૨ ફેબ્રુઆરીએ સુશાસન વિષય પર અને તા. ૮ માર્ચના રોજ મહિલા સશક્તિકરણ વિષય પર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના કરોડો લોકો સાથે સીધો સંવાદનો સેતુ સ્થાપિત કર્યો હતો.

ગુજરાતમાં કુલ ૬૧ સ્થાનો પર આ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં અમદાવાદના ૬ અને ગાંધીનગરના ૫ સ્થાનોનો સમાવેશ થાય છે. સમગ્ર દેશના વિવિધ ભૌગોલિક ભાગમાં યોજાનારા આ કાર્યક્રમમાં જોડાવા માટે ફોનના માધ્યમથી ૦૭૮૭૮૭ ૮૨૦૧૪ તથા **cpc <pincode>** એસએમએસ કરવાથી તથા **www.indiancag/chaipecharcha** વેબસાઈટના માધ્યમથી ઉપલબ્ધ બનાવવામાં આવ્યા છે. 'ચાય પે ચર્ચા' કાર્યક્રમમાં મુખ્યત્વે ત્રણ બાબતો છે. **'share, ask,suggest'** સમસ્યા અને તે અંગેની બાબતો જણાવી શકાશે. કાર્યક્રમ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રશ્નો પૂછી શકાશે તેમજ સુચનો કરી શકાશે.

ટચૂકડી જાહેર ખબર

**મેડીક્લેઈમ**

આખા કુટુંબનો મેડીક્લેઈમ વિમો ઉતરાવો અને હોસ્પિટલના આકસ્મિક ખર્ચા સામે રક્ષણ મેળવો. ૭૫ વર્ષની ઉંમર સુધી કોઈપણ ટેલ્ટ વગર મેડીક્લેઈમ વિમો ઉપલબ્ધ.
આવકવેરા રીટર્ન ફાઈલ કરાવવા, ફિક્સ ડીપોઝીટ અને એસઆઈપી કરાવવા મળો.
ઘરે બેઠા પાન કાર્ડ માત્ર રૂ. ૨૫૦/-માં
**મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫**

# દેશમાં એક જ સમયે એક સાથે દસ કરોડ યોગ પ્રેમીઓ યોગ કરી વર્લ્ડ રેકોર્ડ નોંધાવશે

ગાંધીનગર, તા.૧૯

યોગઋષિ બાબા રામદેવજી મહારાજ દ્વારા સમગ્ર ભારતમાં ભારત સ્વાભિમાન ટ્રસ્ટ અંતર્ગત યોગ શિબિરો ચલાવવામાં આવે છે ત્યારે આગામી ૨૩મી માર્ચના રોજ સમગ્ર ભારતમાં દસ કરોડથી વધુ યોગ સ્પર્ધક ભાઈ-બહેનો દ્વારા યોગ મહોત્સવ ઉજવી વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવશે.

**શહેરમાં પણ યોગ મહોત્સવ યોજાશે**

શહેરમાં પણ ગાંધીનગર જિલ્લા મંડળ દ્વારા યોગ મહોત્સવ અંતર્ગત તા. ૨૩ માર્ચ રવિવાર સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ભારતીય કિસાન સંઘ બિલ્ડીંગ, બલરામ મંદિર પરિસર, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે જિલ્લાના યોગ શિક્ષકો દ્વારા ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવશે.

વર્લ્ડ રેકોર્ડ થનાર યોગ મહોત્સવમાં ગાંધીનગર શહેર અને જિલ્લાના ભારત સ્વાભિમાનના કાર્યકરો યોગ પ્રેમીઓ, મહિલાઓ, બાળકો અને નાગરિકોને ઉપસ્થિત રહી લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

આ દિવસે સમગ્ર ભારત દેશના દરેક રાજયના જિલ્લા મથકોએ એક જ દિવસે અને એક જ સમયે યોગ મહોત્સવ ઉજવવામાં આવશે. મહોત્સવમાં સમગ્ર દેશમાંથી દસ કરોડથી પણ વધુ નાગરિકો એક સાથે યોગ કરી વર્લ્ડ રેકોર્ડ નોંધાવશે તેમ જિલ્લા પ્રભારી અનિલભાઈ જોષીએ જણાવ્યું છે.

# રાજ્યમાંથી ૯૪૫૫૬ સુત્રો, પોસ્ટર્સ અને બેનર્સ હટાવાયા

## રાજ્યમાં ચૂંટણી આચાર સંહિતાનો ચુસ્ત અમલ : જાહેર અને ખાનગી મિલકત પરથી પ્રચારાત્મક સામગ્રી હટાવાઈ

ગાંધીનગર, તા.૧૯

આદર્શ આચારસંહિતાના અમલ દ્વારા આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ મુક્ત ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં યોજાય એ માટે ભારતના ચૂંટણી પંચે આપેલા માર્ગદર્શન અનુસાર ગુજરાત રાજ્યમાં આચારસંહિતા સંદર્ભમાં ચુસ્ત અને અસરકારક પગલાં ભરવામાં આવી રહ્યા છે, એમ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલે જણાવ્યું છે ગુજરાત રાજ્યમાં તા. ૧૫-૩-૧૪ સુધીમાં કુલ ૧૦૩૪૧૭ ખાનગી અને જાહેર સ્થળોએથી લખવામાં આવેલા સૂત્રો, પોસ્ટર્સ બેનર્સ તથા અન્ય પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યું કે ૩૯૮૨૨ સ્થળોએથી દિવાલો પર લખવામાં આવેલા સૂત્રો હટાવાયા છે જ્યારે ૨૪૭૮૦ પોસ્ટર્સ દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૩૩૫૪ જેટલા બેનર્સ હટાવાયા છે. આદર્શ આચારસંહિતાના ચૂંટણી તંત્ર દ્વારા લેવામાં આવી રહેલા રાજ્યવ્યાપી પગલાંઓ વિશે જાણકારી આપતાં કરવલે કહ્યું કે, દિવાલો ઉપર સુત્રો લખવા, પોસ્ટર્સ ચોટાડવા, બેનરો લગાવવા કે અન્ય પ્રચારાત્મક સામગ્રીનો જાહેર મિલકતોનો ઉપયોગ

# આજે ધોરણ-૧૦માં સામાજિક વિજ્ઞાનનું પેપર

અમદાવાદ, તા.૧૯

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ બોર્ડની પરીક્ષામાં આવતીકાલે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું પેપર આપશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયની પરીક્ષા આપશે તો ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આવતીકાલે સામાજિક વિજ્ઞાન અને વાણિજ્ય વ્યવસાયનું પેપર લેવામાં આવશે.

ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ એક દિવસના વિરામ બાદ આવતીકાલે પરીક્ષા આપશે. જેમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું પેપર આપશે. આ પરીક્ષા સવારે ૧૦:૦૦ થી ૧:૨૦ કલાક દરમ્યાન લેવામાં આવશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયની પરીક્ષા આપશે. આ પરીક્ષા બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમ્યાન લેવાશે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સવારે ૧૦:૩૦ થી ૧:૪૫ કલાક દરમ્યાન સામાજિક વિજ્ઞાનનું પેપર લેવામાં આવસે તો બપોરે ૩:૦૦ થી ૬:૧૫ દરમ્યાન વાણિજ્ય વ્યવસ્થા વિષયનું પેપર લેવામાં આવશે. દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા અડધી પૂર્ણ થઈ ચુકી છે ત્યારે આવતીકાલથી ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે.

### વિરોધ કરીશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે તે સાંખી નહિ લેવાય. તેમણે એવી ધમકી આપી હતી કે તેમની રજુઆતનો યોગ્ય જવાબ નહિ મળે તો કમિશનર પર શાહી નાંખી વિરોધ કરશે.

ભાજપના જ કેટલાક સિનીયર સભ્યોએ પેમેન્ટ નહિ ચુકવાતા હોવાની ફરિયાદો કરી સિક્યોરીટીને પગાર નહિ કરાયાની રજુઆતો કરતાં સૌ ચોંકી ઉઠ્યા હતા. એક તબક્કે એક સિનીયર સભ્યે તંત્રના અધિકારીઓના વલણને લઈ આકરી ટીકા પણ કરી હતી.

### નામ નોંધાવવા તક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે હેતુથી ગુજરાતમાં ચૂંટણી તંત્ર દ્વારા ચલાવાતા 'સિસ્ટેમેટિક વોટર્સ એજયુકેશન પ્રોગ્રામ'ની વિગતો આપતાં શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું કે, નૈતિક મૂલ્યો સાથે મતદાન અંગેના પોસ્ટર્સ, બેનર્સ વગેરેનો ઉપયોગ ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવ છે. આ ઉપરાંત ફેસબુક, ટવીટર, યુ-ટયુબ, વોટસએપ જેવી સોશ્યલ નેટવર્કિંગ સિસ્ટમનો પણ મતદાર જાગતિ માટે ચૂંટણી તંત્ર દ્વારા અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

તહેવારોમાં મતદાર જાગૃતિના સંદેશને અસરકારક રીતે પહોંચાડવા સંદર્ભે ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીનો ઉલ્લેખ કરતાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ કહ્યું કે, હોળીના તહેવારમાં હોળી પ્રગટે ત્યારે જનસમુદાય દર્શન અને પ્રદક્ષિણા કરતો હોય તે સમયે કોઈ પણ પ્રકારના પૂર્વ આયોજન વગર મતદાર જાગૃતિ અને નૈતિક મૂલ્યો સાથે મતદાન વિશે સમજ આપતાં નુકકડ નાટકો રાજયભરમાં યોજવામાં આવ્યા હતાં. જેમાં મતદારોને મતદાર યાદીમાં તેમના નામની ચકાસણી કરવા સંબંધી જાગૃતિ કેળવવા, મતદાર યાદીમાં જો નામ ન હોય તો તે નોંધાવવા તથા નૈતિક મૂલ્યો એટલે કે કોઈ પણ લોભ-લાલચ, શેહ-શરમ કે પ્રલોભનમાં આવ્યા વગર નિર્ભયતાપૂર્વક તેમની પસંદગીનો લોકપ્રતિનિધિ ચૂંટવા માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો. ચૂંટણી તંત્રના મતદાર જાગૃતિના આ પ્રયોગને રાજયભરમાં સારો પ્રતિસાદ સાંપડયો છે એમ તેમણે ઉમેર્યુ હતું.

### શાહી ગુજરાતમાં વપરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અવિલોપ્ય શાહીની લીટી કરવા સૂચના આપી છે.

તેમણે જણાવ્યું હતું કે મતદાનની ગેરરીતિઓ અને અન્યના નામે થતા મતદાનને રોકવા મતદાર મતદાન માટે મતકુટીરમાં જાય એ પહેલા મતદારની ઓળખવિધી પૂરી થાય ત્યારબાદ નોંધણી પત્રકમાં સહી કરે એ પહેલાં ભૂંસાઈ ન જાય તેવી શાહી વડે આ નિશાની ડાબા હાથની પહેલી આંગળીના નખના ઉપરના ભાગથી પ્રથમ વેઢા સુધી કરવામાં આવ્યા બાદ ૩૦ સેંકડ આંગળી આડી રાખવામાં આવશે જેથી શાહી સૂકાઈ જાય.

## ટુંકી મુદતની જાહેર નિવિદા

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૪ના સંદર્ભમાં ગાંધીનગર જિલ્લા માટે નીચે જણાવેલ કામગીરી માટે રસ ધરાવતી લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ આથી મંગાવવામાં આવે છે.

| અ. | કામની વિગત | ટેન્ડર ફોર્મ ફી | ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ | ટેન્ડર ભરીને પરત આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ, સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ફર્નિચર/લાઈટ ઈલે. આઈટમ ભાડેથી પુરા પાડવા. | રૂ. ૧૦૦૦/- | ૨૫/૩/૨૦૧૪ | ૨૬/૩/૨૦૧૪ | ૨૭/૩/૨૦૧૪, બપોરના ૧૬.૦૦ કલાક |
| ૨. | વાહનો ભાડેથી પુરા પાડવા | રૂ. ૧૦૦૦/- | ૨૫/૩/૨૦૧૪ | ૨૬/૩/૨૦૧૪ | ૨૭/૩/૨૦૧૪, બપોરના ૧૬.૩૦ કલાક |

કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક વચ્ચે કોલમ-૪માં દર્શાવેલ તારીખ સુધીમાં ચૂંટણી શાખા ખાતેથી ટેન્ડર ફોર્મ ફી ભરેથી રૂબરૂ મેળવી શકાશે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપરોક્ત કચેરીમાં કોલમ નં. ૫માં જણાવેલ તારીખ સુધીમાં ૧૭.૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. રજૂ થયેલ ભાવપત્રકો પત્રકના કોલમ નં.-૬માં જણાવેલ તારીખે ટેન્ડર કમીટી સમક્ષ હાજર રહેલ ટેન્ડરરો રૂબરૂ ખોલવામાં આવશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૯/૩/૨૦૧૪**

**સહી/-**
**(પી. સ્વરૂપ)**
**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર**
**ગાંધીનગર**